CHIPS Express
www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર.
M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૯૦ | ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૮, બુધવાર; ભાદરવા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**કમલનાથ મુખ્યમંત્રીપદના દાવેદાર નહી**

મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં કમલનાથ કોંગ્રેસ તરફથી મુખ્યમંત્રીપદના દાવેદાર હોઈ શકે તેવી અટકળો પર પૂર્ણવિરામ મુકતા કમલનાથે કહ્યુ છે કે તેઓ મુખ્યમંત્રીપદના દાવેદાર નથી.

**સીરાયા નજીક રશિયન વિમાન લાપત્તા**

સીરીયાના ભૂમધ્યસાગર પાસે ઉડી રહેલુ રશિયાનુ વિમાન અચાનક જ લાપત્તા થઈ ગયુ છે. આ લાપત્તા વિમાનમાં ૧૪ મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા.

**કાર-ફોન સહિતની ચીજવસ્તુઓ મોંઘી થશે**

આગામી તહેવારોના દિવસોમાં ફોન, કાર, ટીવી, વોશિંગમશીન, ફર્નીચર વગેરે મોંઘા થઈ શકે છે. કેન્દ્ર સરકાર કેટલીક લકઝરી ચીજવસ્તુઓ પર ડ્યુટી વધારી શકે છે.

**નવા ગ્રહોની શોધની તસ્વીરો જાહેર**

નાસાના નવા ગ્રહ ખોજ અભિયાનની તસ્વીરો જાહેર કરવામાં આવી છે. જેમાં દક્ષિણ આકાશમાં અસંખ્ય તારાઓ અને અન્ય અંતરીક્ષ પીંડોની તસ્વીરો સામેલ છે.

**મધ્યપ્રદેશમાં સાત નવા જિલ્લાની રચના**

વિધાનસભાની ચૂંટણી પહેલા મધ્યપ્રદેશ સરકારે ઘણા નવા પરિવર્તનો કર્યા છે. શિવરાજસિંહની સરકારે સાત નવા જિલ્લાઓની રચનાને મંજૂરી આપી દીધી છે. જેમાં દેવરી, ખુજનેર, સુઠાલીયા, રન્નોદ, ઝારડા, બહાદુરપુરા અને પીથમપુર સામેલ છે.

# સ્વદેશી સંરક્ષણ સાધનોની ખરીદીને મંજુરી

**ડિફેન્સ સાધનો સંદર્ભે ૯૧૦૦૦ કરોડની પ્રાપ્તિ દરખાસ્તને ડીએસીની મિટિંગમાં મંજુરી : સ્વદેશીકરણ અને આત્મનિર્ભરતાનો મુખ્ય ઉદ્દેશ્ય રહેશે : સીતારામન**



નવીદિલ્હી, તા. ૧૮

સંરક્ષણ પ્રધાન નિર્મલા સીતારમનના નેતૃત્વમાં સંરક્ષણ પ્રાપ્તિ પરિષદ (ડીએસી) દ્વારા સંરક્ષણ દળો માટે ૯૧૦૦ કરોડના સંરક્ષણ સાધનોની પ્રાપ્તિને આજે લીલીઝંડી આપી હતી. ૯૧૦૦૦ કરોડના મેડ ઈન ઈન ઈન્ડિયા સાધનને લીલીઝંડી આપી દીધી હતી. સ્વદેશીકરણ અને આત્મનિર્ભરના ઉદ્ધેશ્ય સાથે સંરક્ષણ દળો માટે ખરીદીને મંજુરી આપવામાં આવી છે. આકાશ મિસાઈલ સિસ્ટમની બે રેજિમેન્ટ માટે આ મંજુરી આપવામાં આવી છે. ભારત ડાયનામિક્સ લિમિટેડમાંથી બાય (ઈન્ડિયન) કેટેગરી હેઠળ આ મંજુરી આપવામાં આવી છે. ટી ૯૦ ટેન્ક્સ માટે ઈન્ડીવયુડલ અંડર વોટર બ્રેથિંગના ડેવલપમેન્ટ અને ડિઝાઈનની પ્રક્રિયાને પણ મંજુરી આપવામાં આવી છે. અગાઉ સામેલ કરવામાં આવેલી આકાશ મિસાઈલોની અપગ્રેડ આવૃત્તિ તરીકે આ મિસાઈલો હાંસલ કરવામાં આવનાર છે. આ ઉપરાંત ટેકનોલોજીની મદદ પણ મેળવવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## કર્ણાટકના મંત્રી ડીકે શિવકુમાર સામે મની લોન્ડરિંગ કેસ દાખલ

**કોંગ્રેસના સંકટમોચકની મુશ્કેલીમાં વધારો : ટેક્સ ચોરી અને હવાલા લેવડદેવડના આધાર ઉપર કેસ**



બેંગ્લોર, તા. ૧૮

કોંગ્રેસ પાર્ટી માટે અનેક વખત સંકટ મોચક તરીકે રહી ચુકેલા કર્ણાટકના મંત્રી ડીકે શિવકુમાર નવી મુશ્કેલીમાં દેખાઈ રહ્યા છે. ઈડીએ ડીકે શિવકુમારની સામે મની લોન્ડરિંગ કેસ દાખલ કરી દીધો છે. ઈડીના અધિકારીઓ મુજબ આ મામલો ટેક્સ ચોરી અને હવાલા લેવડદેવડના મામલાના આધાર પર દાખલ કરવામાં આવ્યો છે. ઈડીના અધિકારીઓએ કહ્યું છે કે, તપાસ સંસ્થાએ શિવકુમાર નવી દિલ્હી સ્થિત કર્ણાટક ભવનમાં કર્મચારી હનુમંત થૈયા અને અન્ય એકની સામે પીએમએલએ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. ટેક્સ ચોરી અને કરોડો રૂપિયાના હવાલા કારોબારના મામલામાં આ વર્ષની શરૂઆતમાં ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા બેંગ્લોરની એક ખાસ અદાલતમાં તેમની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. આ મામલો એજ આરોપપત્રના આધાર પર દાખલ કરવામાં આવ્યો છે. આરોપીઓના નિવેદન નોંધવા માટે તપાસ સંસ્થા દ્વારા ટૂંક સમયમાં જ સમંસ મોકલવામાં આવી શકે છે. આવકવેરા વિભાગે શિવકુમાર અને અન્ય સાથીઓ એસકે શર્મા ઉપર ત્રણ લોકોની મદદથી આવક કરતા વધુ સંપત્તિ એકત્રિત કરવાનો આક્ષેપ રહેલો છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે ભારત-પાક વચ્ચે વનડે જંગ

દુબઈ,તા.૧૮

જેની ઉત્સુકતાથી વિશ્વભરમાં કરોડો ક્રિકેટ પ્રેમીઓ રાહ જોઈ રહ્યા છે તે ભારત અને પાકિસ્તાન વચ્ચે હાઈવોલ્ટેજ, થ્રીલર અને દિલધડક મેચ રમાનાર છે. દુબઈમાં રમાનારી આ મેચ પર બંને દેશોના ક્રિકેટ પ્રેમીઓની સાથે સાથે પૂર્વ ખેલાડીઓની પણ નજર રહેશે. બંને દેશો વચ્ચે રમાયેલી વનડે મેચોના ઈતિહાસ પર નજર

**આજની હાઈવોલ્ટેજ, દિલધડક અને રોમાંચક મેચ પર નજર : રોહિત શર્માના નેતૃત્વમાં ભારતીય ટીમની દબાણ હેઠળ ફરીથી કસોટી થશે : તમામ ખેલાડી લડાયક મુડમાં : પાકિસ્તાન ફરી અપસેટ સર્જવા માટે ઉત્સુક**

આવતીકાલે બુધવારના દિવસે રમાનાર છે. લાંબા સમય બાદ એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટના ભાગરૂપે આ મેચ બન્ને દેશો વચ્ચે કરવામાં આવે તો મેચો ખુબ રોચક રહી છે. બંને દેશો વચ્ચે છેલ્લે ઓવલમાં ચેમ્પિયન્સ ટ્રોફીના ભાગરૂપે મેચ રમાઈ હતી. જેમાં અપસેટ સર્જીને પાકિસ્તાને ભારત પર ૧૮૦ રને જીત મેળવી હતી. પાકિસ્તાનની વનડે ક્રિકેટના ઈતિહાસમાં ભારત સામે આ સૌથી મોટા અંતરથી પણ જીત હતી. ભારત આવતીકાલે આ હારનો બદલો લેવા માટે પણ તૈયાર છે. મેચનુ સાંજે ૫-૩૦ વાગ્યાથી પ્રસારણ કરવામાં આવનાર છે. એશિયા કપમાં આવતીકાલે ઐતિહાસિક મેદાન પર આ મેચ રમાનાર છે. હાઉસફુલના શો વચ્ચે આ મેચ રમાનાર છે.

આ મેચમાં શાનદાર દેખાવ કરનાર ખેલાડીની રાતોરાત અનેક ગણી લોકપ્રિયતા વધી જશે. સાથે સાથે તેને ઘણા સમય સુધી યાદ રાખવામાં આવનાર છે. સોશિયલ મિડિયા પર પણ જંગનો માહોલ રહેનાર છે.

# સસ્તી સોદાબાજી થઈ છે તો ૩૬ રાફેલ જ કેમ : એન્ટોની

**કોંગ્રેસના વરિષ્ઠ નેતા એન્ટોનીએ પ્રશ્નો ઉઠાવ્યા : સંયુક્ત સંસદીય સમિતિથી બચવાના પ્રયાસો કેમ થયા**

નવીદિલ્હી, તા. ૧૮

પૂર્વ કેન્દ્રીયમંત્રી એકે એન્ટોનીએ આજે રાફેલ સોદાબાજીને લઈને એનડીએ સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. કોંગ્રેસે રાફેલ વિમાન સોદાબાજીમાં પ્રક્રિયાનો ઉલ્લંઘન કરવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સંરક્ષણમંત્રી નિર્મલા સીતારામન ઉપર આક્ષેપ કર્યા હતા. પાર્ટીના વરિષ્ઠ નેતા અને પૂર્વ સંરક્ષણ મંત્રી એકે એન્ટોનીએ પ્રશ્ન કર્યો હતો કે, આખરે સરકાર સંયુક્ત સંસદીય સમિતિથી બચીને કઈ બાબત છુપાવવાના પ્રયાસ કરી રહી છે. એન્ટોનીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, આ સરકાર કહી રહી છે કે, તેમની સોદાબાજી સસ્તી છે. જો સોદાબાજી સસ્તી રહી છે તો માત્ર ૩૬ વિમાનો જ કેમ ખરીદવામાં આવ્યા છે જયારે હવાઈ દળની હાલની જરૂરિયાત ૧૨૬ વિમાનોની છે. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડની નિર્માણ ક્ષમતા ઉપર પ્રશ્નો ઉઠાવવાના સીતારામનના નિવેદનનો ઉલ્લેખ કરતા પણ પ્રહાર કર્યા હતા. એન્ટોનીએ આક્ષેપ કર્યો હતો કે, સંરક્ષણમંત્રી આ પ્રકારના નિવેદનથી જાહેર ક્ષેત્રની એકમની પ્રતિષ્ઠા ખરડવાના પણ પ્રયાસ કરી રહ્યા છે. તેમણે આક્ષેપ કરતા કહ્યું હતું કે, વિમાનો અને હથિયારોની જરૂરિયાત અંગેનો ચુકાદો સંરક્ષણ મંત્રીના નેતૃત્વમાં સંરક્ષણ ખરીદી પરિષદ દ્વારા કરવામાં આવે છે પરંતુ મોદીએ પેરિસ જઈને ૧૨૬ વિમાનોની સોદાબાજીને ૩૬ વિમાનોની સોદાબાજીમાં ફેરવી કાઢી હતી. પૂર્વ સંરક્ષણમંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાને સંરક્ષણ ખરીદી પ્રક્રિયાનો ખુલ્લીરીતે ભંગ કર્યો હતો.

# વારાણસી પૂર્વ ભારતનો ગેટવે બની રહ્યો છે : મોદી

**વડાપ્રધાને વારાણસીને ૫૦૦ કરોડના વિકાસ કામોની ભેટ આપી : પાઈ-પાઈનો હિસાબ આપવો મારી જવાબદારી, તમે મારા માલિક અને હાઈકમાન્ડ : કાશીએ સ્વચ્છતાના મામલામાં પરિવર્તન દેખાડ્યું છે**

વારાણસી,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે વારાણસી સ્થિત હિન્દુ યુનિવર્સિટીમાં જાહેર સભાને સંબોધીને કાશીના લોકોને ૫૫૦ કરોડના વિકાસના કામ માટે ભેટ આપી હતી. તેમણે પાછલી સરકારો પર પ્રહારો કરતાં કહ્યું કે તમે તો એ વ્યવસ્થાના સાક્ષી રહ્યાં છો જ્યાં આપણી કાશીને ભોળાના ભરોસે, પોતાના હાલ પર છોડી દીધા હતા. તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારની કેટલીય યોજનાઓ ગણાવતા વારાણસીમાં રસ્તા, રેલ, ગેસ, એલઈડી, વાયુસેવા માટે કરાયેલા કામની માહિતી આપી અને કહ્યું કે તેઓ માત્ર એક વડાપ્રધાન જ નહીં પરંતુ સંસદ તરીકે પણ પોતાના કામનો હિસાબ આપવાની જવાબદારી સમજે છે. મોદીએ લોકોને જણાવ્યું કે તમે જ મારા માલિક છો અને તમે જ હાઈકમાન્ડ છો.

તેમણે કહ્યું કે વિકાસનું આ કામ વારાણસી શહેરમાં જ નહીં પરંતુ આજુબાજુના ગામડાં સાથે પણ જોડાયેલ છે. તેમણે કહ્યું કે વારાણસીમાં હજારો કરોડના અનેક રસ્તા પ્રોજેક્ટસ ચાલી રહ્યાં છે.

● અનુસંધાન પાન-૭ પર



# અમેરિકા અને ચીન વચ્ચે ફરી ટ્રેડ વોરની થઈ શરૂઆત

**ટ્રમ્પે ૨૦૦ બિલિયન ડોલર ચીનની પ્રોડક્ટ પર ૧૦% ટેક્સ ઝીંક્યો**

વૉશિંગ્ટન,તા.૧૮

અમેરિકા અને ચીન વચ્ચે



સાઈલન્ટ ટ્રેડ વોર ચાલી રહ્યો છે. બંને દેશોના સંબંધ છેલ્લાં એક વર્ષથી વધારે સમયથી વધુને વધુ વણસી રહ્યાં છે. છેલ્લાં થોડા મહિનાઓમાં બંને દેશોએ પોતાના વ્યાપારિક સંબંધોમાં એક બીજા પર અલગ અલગ આરોપો લગાવી ઉત્પાદકોની આયાત-નિકાસ પર બંને તરફ ટેક્સ વધારી રહ્યાં છે. ધ ગાર્ડિયન અખબારની માહિતી મુજબ ટ્રમ્પે સોમવારે ૨૦૦ બિલિયન ડોલરની ચીનની પ્રોડ્કટ પર ૧૦ ટકા ટેરિફ થોપી દીધો છે. આ ટેરિફ ૨૪ સપ્ટેમ્બરથી લાગુ થઈ જશે અને આગામી વર્ષથી ૨૫ ટકાના દરે વધી જશે. હવે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણયથી વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાને વચ્ચે સ્થિતિ વધુ બગડી શકે છે.

વ્હાઈટ હાઉસે જાહેર કરેલાં નિવેદનમાં કહ્યું કે જો ચીને આ ટેરિફની પ્રતિક્રિયામાં કોઈ અમેરિકી વસ્તુઓ પર જવાબી કાર્યવાહી કરી તો અમેરિકા જવાબમાં ૨૬૭ બિલિયન અમેરિકી ડોલરની ચીનની પ્રોડ્કટ પર વધુ ટેરિફની જાહેરાત કરી શકે છે.

આ નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "અમે આ નિર્ણય ત્યારે લઈ રહ્યાં છીએ જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવના રિપોર્ટથી ખ્યાલ આવ્યો કે ચીન અનેક અનુચિત નીતિઓમાં લિપ્ત છે અને અમેરિકાની ટેકનોલોજી અને ઈન્ટેક્ચ્યુઅલ પ્રોપર્ટીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યાં છે. ચીન અમેરિકી કંપનીઓને પોતાની ટેકનોલોજી ચીની કંપનીઓને વેચવા પર મજબૂર કરી રહ્યાં છે. ચીનની આ હરકતોથી અમેરિકાની અર્થવ્યવસ્થાને લાંબા ટર્મમાં નુકસાન પહોંચી શકે છે."

## પેટ્રોલ-ડીઝલના ભાવમાં પુનઃ વધારો

નવી દિલ્હી,તા. ૧૮

દેશભરમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ભાવ વધારાનો દોર જારી રહ્યો છે. આજે મંગળવારના દિવસે પણ વધુ વધારો કરાયો હતો. આજે દિલ્હીમાં પેટ્રોલની કિંમતમાં ૧૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. આની સાથે જ કિંમત વધીને ૮૨.૧૬ રૂપિયા થઈ ગઈ હતી. ડીઝલની કિંમત નવ પૈસા ઉછળીને ૭૩.૮૭ થઈ ગઈ હતી. મુંબઈમાં પેટ્રોલની કિંમત આજે વધીને ૮૯.૫૪ સુધી પહોંચી ગઈ હતી.

KARNAVATI UNIVERSITY
ગાંધીનગરની પ્રતિષ્ઠીત સંસ્થાને જોઈએ છે
* પ્યુન
* સિક્યુરીટી (M/F)
* હાઉસ કિપીંગ સ્ટાફ (M/F)
* હાઉસ કિપીંગ સુપરવાઈઝર
રૂબરૂ મળો
સમયઃ સવારે ૧૦ થી સાંજે ૪
રાહુલ સિન્હા - મો. ૯૮૨૫૪૮૯૫૫૪
સ્થળઃ - ૯૦૭/એ, ઉવારસદ, તા. ગાંધીનગર.

Free Entry
Pretty Women's Club
Organized
Grand Navratri & Lifestyle Exhibition Cum Sale
20th & 21st September 2018
Inauguration by
B.K Kailash Didi
Smt. Smita Krishnakant Jha
Gandhinagar Samachar
Shilpa Desai - 94286 92676 • Daxa Jadav - 98790 57978
Uma Samaj Bhavan, Near Balram Bhavan, Opp. Court Building, Sector-12, Gandhinagar

સરનામું બદલાયેલ છે.
ૐકાર ગ્રાફીક્સ
સ્ક્રીન પ્રિન્ટીંગ | ઓફસેટ પ્રિન્ટીંગ | મલ્ટીકલર પ્રિન્ટીંગ | ઝેરોક્ષ
● કોમ્પ્યુટર મલ્ટીકલર ડીઝાઈન ● આમંત્રણ પત્રિકા ● સ્ટીકર
● ગુજરાતી - અંગ્રેજી - હિન્દી ટાઈપીંગ ● વિઝીટીંગ કાર્ડ ● ફ્લેક્ષ બેનર
● ડી.ટી.પી. જોબવર્ક ● સોવિનીયર ● બિલબુક
અમદાવાદના ભાવે લગ્ન કંકોત્રી મળશે.
ૐકાર ઝેરોક્ષ
લેમિનેશન, સ્પાયરલ બાઈન્ડીંગ, પેનડ્રાઈવ અને મોબાઈલમાંથી પ્રિન્ટ કાઢી આપવામાં આવશે.
વિશાલ પંડ્યા મો. ૯૮૨૪૦ ૫૯૬૩૫,
કનૈયાલાલ પંડ્યા (મહારાજ) મો. ૯૪૨૮૨ ૧૭૫૫૭
E-mail : omkargraphics98@gmail.com
દુકાન નં. ૨૧, શ્રી ઉગતી કોર્પોરેટ પાર્ક, મારૂતિ નેક્સા શોરૂમની બાજુમાં, ગાંધીનગર-કુડાસણ રોડ, ગાંધીનગર.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય